### સરકાર-વહીવટીતંત્ર-સંગઠનના સહકાર અને રજૂઆતને પગલે સરકારના નિર્ણયથી

## ઉત્તરવાહીની નર્મદા પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને પડતી મુશ્કેલીનો સુખદ અંત



રાજપીપલા,તા.૫

નર્મદા જિલ્લામાં હાલમાં ચાલી રહેલી નર્મદા મૈયાની ઉત્તરવાહિની પંચકોશીય પરિક્રમા અર્થે સમગ્ર રાજ્ય અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આવી રહ્યાં છે.પરિક્રમાવાસીઓને કોઈ મુશ્કેલી ન પડે અને સરળતાથી નર્મદા નદી પાર કરી શકે તે માટે હોડીઘાટ ખાતે બોટનું સંચાલન પણ સુવ્યવસ્થિત રીતે કરવામાં આવી રહ્યું છે.સાથો સાથ શ્રદ્ધાળુઓ ચાલીને નર્મદા નદી પાર કરી શકે તેવા ભાવ સાથે જિલ્લા સંગઠન અને સ્થાનિક આગેવાનો દ્વારા હંગામી ધોરણે કાચો બ્રિજ બનાવવા માટે વહીવટી તંત્ર સમક્ષ રજૂઆત કરી હતી.જેનો જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્યની સરકારે હકારાત્મક પ્રતિસાદ આપતા સ્વખર્ચે હંગામી બ્રિજ બનાવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી પંશકોષીય પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓને પડતી મુશ્કેલીઓનો સુખદ અંત આણ્યો છે. નર્મદા જિલ્લા સંગઠન દ્વારા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર- નર્મદાને પત્ર લખી શહેરાવથી તિલકવાડા જવા માટે શ્રદ્ધાળુઓને કોઈ મુશ્કેલી ન સર્જાય તે માટે કામ ચલાઉ પાઈપ નાળા મુકી નર્મદા નદીના આ કાંઠેથી સામે કાંઠે જવા માટે કાચો પુલ સ્વખર્ચે બનાવવા માટે મંજૂરી આપવા રજૂઆત કરી હતી.જે સંદર્ભે જિલ્લા મેજિસ્ટ્રેટે રાજ્યકક્ષાએ નર્મદા જળ સંપત્તિ વિભાગને ભલામણ કરતા અધિક ઈજનેર વડોદરા સિંચાઈ વર્તુળ અને કાર્યપાલક ઈજનેર સિંચાઈ યોજના વિભાગ-રાજપીપલાના પત્રને ધ્યાને લઈ સરકારશ્રીના નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા અગ્રતાના ધોરણે કાચો પુલ સ્વખર્ચે બનાવવા માટે શરતોને આધિન રહી સૈદ્ધાંતિક મંજરી આપતા સ્થાનિક આગેવાનો અને પરિક્રમા અર્થે આવતા શ્રદ્ધાળુઓ પણ સરકાર પ્રત્યે આનંદ સાથે આભારની લાગણી વ્યક્ત કરી રહ્યા છે.

### ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ અને ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળના

## ૭ કર્મીઓનો બાકી નીકળતો પગાર તો આપ્યો નહિ પણ છુટા કરી દીધા



રાજપીપળા,તા.૫

ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ અને ભરૂચ જિલ્લા આદિવાસી સેવા સંઘ કેળવણી મંડળના ૭ કર્મચારીઓએ આક્ષેપ લગાવ્યો છે કે સંસ્થા દ્વારા એમને બાકી નીકળતો પગાર આપવામાં ગલ્લા તલ્લા કરવામાં આવે છે.બાકી પગાર આપવાનું બાજુ પર મુકી તમામ વર્ષો જુના કર્મચારીઓને છુટા કરી દેવાતા ભારે રોષ ફેલાયો છે.અત્રે એ ઉલ્લેખનિય છે કે આ બન્નેવ સંસ્થાઓમાં નાંદોદના પુર્વ ધારાસભ્ય પી.ડી.વસાવા ઉચ્ચ હોદ્દા પર ઘણા વર્ષોથી સેવા આપી રહ્યા છે. પગાર બાકી હોવા છતાં છુટા કરી દેવાયેલા ૭ કર્મચારીઓએ રોષ વ્યક્ત કરી નર્મદા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપતા જણાવ્યું છે કે સંસ્થા દ્વારા અમને નવેમ્બર ૨૦૨૧ થી પગારની ચુકવણી કરી નથી.અગાઉ ગેરવહીવટને કારણે એ સંસ્થાના બેંક એકાઉન્ટ કોર્ટ સીઝ કરી દીધા હતા, ત્યારે અમને પગાર ન ચૂકવવાનું કારણ સંસ્થા બેંક એકાઉન્ટ કોર્ટ સીઝ થયાનું જણાવે છે.પણ નવેમ્બર ૨૦૨૨ માં અમદાવાદ હાઈકોર્ટે સંસ્થાના બેંક એકાઉન્ટ ખોલવાના આદેશ કર્યા હોવા છતાં એમને પગાર ચૂકવ્યો નથી.

તો સાથે સાથે વર્ષો જુના ૧૦ કર્મચારીઓને નોટિસ વગર છુટા કરી દેવામાં આવ્યા છે.આ સંસ્થા કર્મચારીઓને લઘુતમ વેતન ધારા કરતા ઓછો પગાર ચુકવે છે, અને હાજરીકાર્ડ અને પગાર પાવતી પણ આપતી નથી. આ કર્મચારીઓએ આક્ષેપ લગાવતા જણાવ્યું હતું કે અમે સંસ્થાના મંત્રી, પ્રમુખને પગાર બાબતે લેખિત અને મૌખિક રજુઆત કરી છતાં સંસ્થાના બંને મંત્રીઓ દ્વારા કહેવામાં આવે છે કે ૧૦૦ ટકા પગારને બદલે ૪૦ ટકા પગાર આપીએ ૬૦ ટકા નહિ આપીએ, કેળવણી મંડળનો પગાર તો તમે ભુલી જ જાઓ.આ સંસ્થાના સંચાલકો પોતે વૈભવી જીવન જીવે છે અને બીજી તરફ પોતાની જ વડી કચેરી શિવ ઓફિસના અને સંસ્થાના કર્મચારીઓનું શોષણ કરે છે. સંસ્થા અમારો બાકી પડતો પગાર આપે એવી અમારી માંગ છે.

### અદાણી પોર્ટસે ૩૨ મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું પરિવહન કર્યું

## એપી સેઝએ ૯% વરસવાર વૃદ્ધિ નોંધાવી જે સૌથી મોટું પોર્ટ કાર્ગો વોલ્યુમ



અમદાવાદ,તા.૫

ભારતની સૌથી મોટી સંકલિત પરિવહન યુટિલિટી અને વૈવિધ્યસભર અદાણી સમૂહનું એક અંગ,અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિ. (એપીસેઝ) એ માર્ચ ૨૦૨૩માં કુલ ૩૨ મિલિયન મેટ્રિક ટન કાર્ગોનું પરિવહન કર્યુ છે, જે વર્ષથી વર્ષ ૯.૫ %ની વૃદ્ધિ દર્શાવે છે.જુલાઈ ૨૦૨૨ બાદ પ્રથમ વખત વોલ્યુમે ૩૦-એમએમટીના આંકને વટાવ્યો છે. નાણા વર્ષ-૨૩ (એપ્રિલ ૨૨-માર્ચ ૨૩)માં અદાણી પોર્ટ અને સેઝએ ૩૩૯ એમએમટી સાથે પોર્ટ કાર્ગો વોલ્યુમનો વિક્રમ સ્થાપ્યો છે જે ઉત્તરોત્તર ૯ %ની નોંધપાત્ર વૃદ્ધિ છે. છેલ્લાં વર્ષોથી ભારતના તમામ કાર્ગો વોલ્યુમની વૃદ્ધિને પાછળ છોડી અદાણી પોર્ટ્સ તેનો બજાર હિસ્સો સતત વધારી રહ્યું છે.

અદાણી પૉર્ટ્સઅને સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનના મુખ્ય કારોબારી અધિકારી અને કંપનીના પૂર્ણકાલિન ડાયરેક્ટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે કાર્ગો વોલ્યુમમાં સુધારો ગ્રાહકોના ભરોસાનો પૂરાવો છે.હેન્ડલ થયેલા વોલ્યુમની દ્રષ્ટિએ એપીસેઝનું ફ્લેગશિપ મુન્દ્રા પોર્ટ હરીફોને પાછળ છોડી રાષ્ટ્રનું સૌથી મોટું બંદર બની રહ્યું છે.મુન્દ્રા પોર્ટ કન્ટેનર માલ માટેનું ભારતનું પ્રવેશદ્વાર બની રહ્યું છે. ભારતમાં એપીસેઝ દ્વારા નિયંત્રિત એકંદર કન્ટેનર વોલ્યુમ વધીને ૮.૬ એમટીયું ( ઉત્તરોત્તર ૫%), થયું છે જેમાં ફક્ત મુંદ્રા ખાતે ૬.૬ એમટીઈયુના વોલ્યુમનો સમાવેશ થાય છે. વર્ષ દરમિયાન હેન્ડલ કરાયેલા કુલ કાર્ગોના ૧૫૫ એમએમટી સાથે તે ભારતનું સૌથી મોટું બંદર બની રહ્યું છે. વર્ષ દરમિયાન હેન્ડલ કરાયેલા કન્ટેનર રેક્સે ૫૦૦,૦૦૦ ટીઈયુસ (ઉત્તરોત્તર ૨૪%) ને પાર કરી નવું સિમાચિહ્ન હાંસલ કર્યુ છે, જ્યારે બલ્ક કાર્ગોનું પરિવહન ૧૪ એમએમટી કરતાં વધ્યું હતું, જે ઉત્તરોત્તર ૬૨ %નો ઉછાળો દર્શાવે છે.

## અદાણી ફાઉન્ડેશન દ્વારા નર્મદા જિલ્લામાં 'પોષણ પખવાડા'ની ઉજવણી કરાઈ




ભરૂચ,તા.૫

શ્રેષ્ઠ ભારત માટે સ્વસ્થ ભારત એવા ઉમદા આશયથી અદાણી ફાઉન્ડેશન અવિરત કાર્યરત છે.તાજેતરમાં ગુજરાતના નર્મદા જિલ્લામાં પોષણ પખવાડિયાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું. સુપોષણ પ્રોજ્કટ હેઠળ જિલ્લાના ૪૫૦ ગામોનીમહિલાઓ અને બાળકો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આહાર-વ્યહવારને ઔષધ બનાવી તંદુરસ્તી વધારતી ઝુંબેશમાં ૨૫૦૦૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. 'સ્વસ્થભારત માટે સુપોષણ' થીમને લક્ષ્યમાં રાખી મહત્તમ લોકો જાગૃત બને એવો પોષણ પખવાડાનો મુખ્ય ઉદ્દેશ છે. સરકારની આઈસીડીએસ યોજનાને સાંકળતા પખવાડા અંતર્ગત આયોજીત કાર્યક્રમોમાં પોષણ રેલી, સમુહ ચર્ચા,કુટુંબ પરામર્શ,ધાન્યમાંથી બનાવેલી વિવિધ વાનગીઓનું પ્રદર્શન, સ્વસ્થતા અંગેનીસ્પર્ધાઓ,તંદુરસ્ત બાળક હરીફાઈ,પોષણ વાટિકા,શાળામાં ચિત્ર સ્પર્ધા,પ્રશ્નોત્તરી,હેલ્થ કેમ્પ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.કુપોષણ મુક્ત ભારત માટે વ્યક્તિગત અને સામુદાયિક વ્યવહાર પરિવર્તન માટે વિશેષ ભાર મુકવામાં આવ્યો.જેમાં ટેક હોમ રેશન (ટીએચઆર)હેઠળ પોષણયુક્ત વાનગીઓ બનાવવી, વ્યક્તિગત સ્વચ્છતા,બાળઉછેર અને સંભાળ,સમતોલ અને પોષણયુક્ત આહાર, કુપોષણ અટકાવવાના ઉપાયો વગેરેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.વર્ષ ૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવામાં આવી રહ્યું છે ત્યારે પોષણ પખવાડામાં જાડા ધાન્યને વધુ લોકપ્રિય બનાવવાના આયોજનો કરવામાં આવ્યા હતા. જેમાં ૨૦૦૦ જેટલી મહિલાઓને બાજરો, જુવાર, સામો, રાગી અને કોદરીની વાનગીઓ બનાવતા શીખવાડવામાં આવી હતી. જે પૈકી ૩૫૦ જેટલી વાનગીઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. કુપોષણની સમસ્યાને સરકાર સહિત સંસ્થાઓ અને સમુદાયના સંકલનથી જ નાબૂદ કરી શકાશે. મહિલાઓમાં એનિમિયાનું પ્રમાણ ઘટાડવા કિશોરી અવસ્થામાં માર્ગદર્શન આપવામાં આવે છે.

## નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ચંદ્રકાંત લુહાર સામે એટ્રોસીટીની ફરીયાદ

રાજપીપળા,તા.૫

નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ચંદ્રકાંત લુહાર સામે એટ્રોસીટી હેઠળ ગુનો નોંધાતા ચકચાર મચી છે.ચંદ્રકાંત લુહાર સામે ફરીયાદ એમની પૂર્વ પત્નીએ નોંધાવી છે.ચંદ્રકાંત લુહારે રાજકીય વગ વાપરી સાગબારાના નાલ ગ્રુપ ગ્રામ પંચાયતમાંથી તિલકવાડાના વજેરીયા ગ્રામપંચાયત ખાતે બદલી કરાવી દીધું હોવાનો આક્ષેપ ફરિયાદી મમતાબેન વસાવાએ આક્ષેપ લગાવ્યો છે. નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ચંદ્રકાંત લુહારની પુર્વ પત્ની અને તલાટી મમતાબેન ગુલાબસીંહ વસાવાએ આપેલી ફરીયદ મુજબ ચંદ્રકાંત લુહાર એમને જાતિ વિષયક અપશબ્દો બોલી બદનામ કરી નાખવાની ધમકી આપતા હતા.સાથે સાથે ચારીત્ર્યહિનતાનુ આળ મુકી બદનામ કરવાની તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ પણ આપી હતી. આ ફરીયાદના આધારે સાગબારા પોલીસે નર્મદા જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ચંદ્રકાંત લુહાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## દહેજ ખાતે ત્રણ મજૂરોના મોતના પગલે સરપંચ-ડેપ્યુટી સરપંચ સામે ગુન્હો નોંધાયો

ભરૂચ,તા.૫

વાગરા તાલુકાનું દહેજ ગામ ઔદ્યોગિક એકમોના કારણે દેશ વિદેશમાં વિખ્યાત થયું છે. જોકે ગત મંગળવારે દહેજ ગામે એક અજીબ ઘટના ઘટી હતી. દહેજ ગામમાં ફરી ડોર ટુ ડોર યોજના હેઠળ કચરો ઉઘરાવી રોજીરોટી મેળવી રહ્યા હતા. જેમાં મુળ દાહોદના પાંચ લોકો દહેજ પોલીસ મથક પાસે આવેલ ડ્રેનેજ લાઈનની સાફ સફાઈ અર્થે એકબીજાને પકડી પાઈપલાઈનમાં ઉતર્યા હતા, કોઈપણ સેફટી સાધનો વગર કે કોઈની દેખરેખ વગર ગટરમાં ઉતરેલા તમામ પાંચેય ગૂંગરાયા હતા. જેમાં ૩ મજૂરોના કમકમાટીભર્યા મોત નિપજયા હતા. જોકે સેફટીના સાધનો વગર અને કોઈ નિષ્ણાંતની નિગરાની વગર ડ્રેનેજ લાઈનમાં ઉતરવાના આદેશ આપનારની શોધખોળ ચાલી રહી હતી. જેમાં મૃતકની પત્ની દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું દહેજ ગ્રામ પંચાયતની હદમાં ટાવર ફળિયાની નવી નગરી નજીકની ગટરની સફાઈ ગ્રામ પંચાયતના સરપંચ જયદિપસિંહ રણા તથા ડેપ્યુટી સરપંચનો પતિ મહેશ ગોહિલે ગટર સફાઈનું કહેલું જેથી મારો પતિ સહિત અન્ય લોકો ગટરની સફાઈ કરવા ગયા હતા અને તે દરમિયાન ગટર સફાઈ કરતી વખતે ગટરની કુંડીમાં ગુંગળાઈ જવાના કારણે મારા પતિ સહિત અન્ય ૨ લોકોના મોત થયા હતા. જેમાં ગ્રામ પંચાયતના સરપંચ જયદિપસિંહ રણા અને ડેપ્યુટી સરપંચનો પતિ મહેશ ગોહિલ સામે માનવવધ,એટ્રોસિટી સહિત વિવિધ ભારતીય દંડની કલમ મુજબ ગુનો દાખલ કરી પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી. તેમજ ગામના તલાટી રજનીકાંત સવજીભાઈ મનાતને પણ ફરજમાં બેદરકારી બદલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાનો હુકમ પણ સામે આવ્યો છે. ત્યારે આ લખાય છે ત્યાં સુધી જાણવા મળ્યું હતું કે સરપંચ અને ડેપ્યુટી સરપંચના પતિ બંને પોલીસ પકડથી દુર છે, ત્યારે પોલિસ વહેલીટકે બન્ને આરોપીઓને ઝડપે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## રિલાયન્સ રિટેલના ઓમ્ની-ચેનલ બ્યૂટી રિટેલ પ્લેટફોર્મ તિરાનો પ્રારંભ




મુંબઈ,તા.૫

ટેક્નોલોજી અને કસ્ટમાઇઝ્ડ અનુભવો આધારિત ઓમ્ની-ચેનલ રિટેલ કૉન્સેપ્ટતિ શ્રેષ્ઠ વૈશ્વિક અને ઘરેલુ બ્રાન્ડ્સનું યુરેટેડ વૈવિધ્ય રજૂ કરે છે, જે તેને સૌંદર્ય પ્રસાધનોનું માનીતું ડેસ્ટિનેશન બનાવે છે. પ્રેમ, જુસ્સા અને સૌંદર્યના પ્રતીક દેવી રતિથી પ્રેરિત તિરાનું લોન્ચિંગ બહુવિધ રિટેલ ફોર્મેટ દ્વારા ભારતીય ગ્રાહકો સુધી ઉચ્ચ ગુણવત્તાની પ્રૉડક્ટ્સ પહોંચાડવાના રિલાયન્સ રિટેલના સર્વગ્રાહી વિઝનને અનુરૂપ છે.સ્લિાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ (રિલાયન્સ રિટેલ લિમિટેડની માલિકીની કંપનીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર કુ. ઈશા અંબાણીએ લોન્ચ પ્રસંગે જણાવ્યું કે, "ભારતીય ગ્રાહકોને તિરાનો અનુભવ પ્રદાન કરવા અંગે ઉત્સાહિત છીએ. તિરા સાથે સૌંદર્ય ક્ષેત્રના અવરોધોને દૂર કરવા અને તમામ ક્ષેત્રે ગ્રાહકો માટે સૌંદર્યને લોકભોગ્ય બનાવવાનું અમારું લક્ષ્ય છે. તિરા માટેનું વિઝન સુલભ છતા મહત્વાકાંક્ષી સૌંદર્ય માટેનું અગ્રણી સૌંદર્ય સ્થળ બનવાનું છે, જે સર્વસમાવેશક છે અને તે ભારતમાં સૌથી વધુ પ્રિય સૌંદર્ય રિટેલર બનવાના મિશનને કેન્દ્ર સ્થાને રાખે છે."

તિરાનું ઓનલાઇન પ્લેટફોર્મ સ્પષ્ટ અને કલર-ફ્રી ઈન્ટરફેસ સાથે ઉપયોગ કરવા માટે સરળ છે જે તમામ જરૂરિયાતોને સંતોષે છે. તે શોપેબલ વીડિયો, બ્લોગ્સ, ટ્યુટોરિયલ્સ, ટ્રેન્ડ-સેટિંગ ટિપ્સ, વ્યક્તિગત ભલામણો અને વર્ચ્યુઅલ ટ્રાય- ઓન સુવિધા પૂરી પાડે છે અને તે ગ્રાહકોને તેમના ઘરમાં બેઠાબેઠા આરામથી અજમાવવા માટે રંગીન સૌંદર્ય પ્રસાધનોની વિશાળ શ્રેણી રજૂ કરે છે. જિયો વર્લ્ડ ડ્રાઈવ ખાતેનો તિરા સ્ટોર ૪,૩૦૦ ચોરસ ફૂટમાં ફેલાયેલો છે અને તેને લંડનમાં હેડક્વાર્ટર ધરાવતા ઈનોવેશન સ્ટુડિયો ડેલમીલ એન્ડ પોવ દ્વારા ડિઝાઈન કરવામાં આવ્યો છે.

તિરા સ્ટોર્સ ખાસ પસંદ કરવામાં આવતી સેવાઓ અને ઉચ્ચ પ્રશિક્ષિત તિરા સૌંદર્ય સલાહકારો દ્વારા તૈયાર કરવામાં આવેલા શ્રેષ્ઠ ગ્રાહક અનુભવ પર ધ્યાન કેન્દ્રિત કરનારું સૌંદર્ય સ્થળ હશે.

## આમોદખાતે જીલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને લોકદરબાર યોજાયો

ભરૂચ,તા.૫

આમોદમાં આજ રોજ ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક ડૉ.લીના પાટીલના અધ્યક્ષ સ્થાને આમોદ તાલુકા પંચાયત સભાખંડમાં લોકદરબારનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે આમોદ પોલીસ તંત્ર તરફથી લોકોને લોક દરબાર અંગેની જાણકારી આપવામાં નહીં આવતા જાણકારીના અભાવે પાંખી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતાં. ઉપરાંત આમોદ પોલીસ મથકના જવાબદાર પોલીસ કર્મી દ્વારા લોક દરબાર અંગેની જાણકારી લોકોને નહીં આપતાં લોકોના અનેક પ્રશ્નો હોવા છતાં લોક દરબારમાં નહીં આવી શકતા રજુઆત કરી શક્યા નહોતા. આમોદ તાલુકા પંચાયતના સભાખંડમાં રાખેલા લોક દરબારમાં ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક દ્વારા ગામના હાજર સરપંચોને ૧૮ વર્ષથી નાના બાળકોને ડ્રાઈવીંગ નહીં કરવા સૂચના આપી હતી.

IN THE COURT OF THE V JUNIOR CIVIL JUDGE: CITY CIVIL COURT AT: HYDERABAD, Telangana State
O.S. No. 1466 of 2022

Between:-
Union Bank of India [A Govt. of Indi undertaking] [Formerly] Andhra Bank, Credit Card Division, Koti, Hyderabad, rep.by its Sr.Manager&Authorized Officer, ...Plaintiff

And

Sri.Bhagawanbhai Pada.J, ...Defendant

To
Sri.Bhagawanbhai Pada.J, S/o.Sonaben, Aged about 55 Years, Occ:Business, R/o.156, Shiv Sagar Society, Chhaprabhatha Road-3, Amroli, Surat, Chhapra, Bhathasurat, Gujarat State-394107.

Take Notice that the above mentioned Suit is filed against you for recovery of a sum of Rs.1,68,121-14ps towards utilization of Credit card. The above mentioned Suit is posted for your appearance on 28-04-2023.

In case of your failure to attend before the Court on **28-04-2023 at 10-30 A.M.** either in person or through a Counsel the matter will be decided in your absence by setting you exparte.

(BY ORDER OF THE COURT)
**T.Bhagya Raju** & Associate,Advocates, Counsel for the Plaintiff, Flat No.402, Nirmal Ratna Aprts, Opp: R.S.Brothers, Chandanagar, Gangaram Village, **HYDERABAD**-50.

**પશ્ચિમ રેલવે**

**તબક્કો - I માં ૨૫ KV AC OHE ની ડિઝાઇન, પુરવઠો અને કમિશનિંગ**

નાયબ CEE (C), પશ્ચિમ રેલ્વે, અમદાવાદ. ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL/C/ADI/TRD/16R/2022-23 આમંત્રિત કરે છે. કામનું નામ તેના સ્થાન સાથે : પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગના અમદાવાદ-હિંમતનગર ગેજ કન્વર્ઝન કામના તબક્કો - I માં ૨૫ KV ac OHE ની ડિઝાઈન, પુરવઠો, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: રૂ. ૧૬,૭૯,૪૩,૭૮૮/- (સોળ કરોડ ઓગણાએંસી લાખ ત્રેત્તાળીસ હજાર સાતસો અઠ્યાસી રૂપિયા માત્ર). બાના ની જમા કરવાની રકમ : રૂ. ૯,૮૯,૭૦૦/- (માત્ર નવ લાખ નેવ્યાસી હજાર સાતસો) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર સ્પષ્ટ કર્યા મુજબ. વેબસાઈટ ખાસ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫) ની કચેરી.

0005

Like us on: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**તબક્કો - II માં ૨૫ KV AC OHE ની ડિઝાઇન, પુરવઠો અને કમિશનિંગ**

નાયબ CEE (C), પશ્ચિમ રેલ્વે, અમદાવાદ. ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL/C/ADI/TRD/17R/2022-23 આમંત્રિત કરે છે. કામનું નામ તેના સ્થાન સાથે : પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગના અમદાવાદ-હિંમતનગર ગેજ કન્વર્ઝન કામના તબક્કો - II માં ૨૫ KV ac OHE ની ડિઝાઈન, પુરવઠો, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: રૂ. ૧૬,૭૯,૪૩,૭૮૮/- (સોળ કરોડ ઓગણાએંસી લાખ ત્રેત્તાળીસ હજાર સાતસો અઠ્યાસી રૂપિયા માત્ર). બાના ની જમા કરવાની રકમ : રૂ. ૯,૮૯,૭૦૦/- (માત્ર નવ લાખ નેવ્યાસી હજાર સાતસો) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર સ્પષ્ટ કર્યા મુજબ. વેબસાઈટ ખાસ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫) ની કચેરી.

0006

Like us on: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**તબક્કો - III માં ૨૫ KV AC OHE ની ડિઝાઇન, પુરવઠો અને કમિશનિંગ**

નાયબ CEE (C), પશ્ચિમ રેલ્વે, અમદાવાદ. ઈ-ટેન્ડર નોટિસ નંબર: EL/C/ADI/TRD/18R/2022-23 આમંત્રિત કરે છે. કામનું નામ તેના સ્થાન સાથે : પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગના અમદાવાદ-હિંમતનગર ગેજ કન્વર્ઝન કામના તબક્કો - III માં ૨૫ KV ac OHE ની ડિઝાઈન, પુરવઠો, ઈરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: રૂ. ૧૬,૭૯,૪૩,૭૮૮/- (સોળ કરોડ ઓગણાએંસી લાખ ત્રેત્તાળીસ હજાર સાતસો અઠ્યાસી રૂપિયા માત્ર). બાના ની જમા કરવાની રકમ : રૂ. ૯,૮૯,૭૦૦/- (માત્ર નવ લાખ નેવ્યાસી હજાર સાતસો) બિડ સબમિટ કરવાની અને ખોલવાની તારીખ અને સમય: IREPS પોર્ટલ પર સ્પષ્ટ કર્યા મુજબ. વેબસાઈટ ખાસ અને સૂચના બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાય છે અને ઓફિસનું સરનામું: www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ડેપ્યુટી ચીફ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન-અસારવા, અમદાવાદ (ગુજરાત-૩૮૨૩૪૫) ની કચેરી.

0007

हमें लाइक करें: facebook.com/WesternRly

**VIVEKANAND INSTITUTE OF MANAGEMENT**
A Premier Hotel And Tourism Management Institute
APPROVED BY AICTE AND AFFILIATED TO GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

**APPOINTMENT**

Invites application from eligible candidates for the following posts:

| No. | Designation | Posts |
|---|---|---|
| 1 | PRINCIPAL | 01 |
| 2 | ASSISTANT PROFESSOR (F & B Production, F & B Service, Front Office, Housekeeping) | 04 |
| 3 | ASSISTANT PROFESSOR (Accounts & Management) Eligibility: B.Com., M.Com., MTTM (preferable) | 01 |

Qualification and experiences as per AICTE / GTU norms. Interested and eligible candidates may send their resume with copies of certificate & passport size photograph by Regd. Post within 15 days and email us the same.

**VIVEKANAND INSTITUTE OF MANAGEMENT**
VIM Campus, B/h. Shivam Apartment, Nr. Vyaswadi, Akhbarnagar, Nava Vadaj, Ahmedabad-380 013, Gujarat.
E: operation.vim@gmail.com
M: +91-90999 70068 T: 079-2762 1155

**એસ. ઈ. પાવર લિમિટેડ**
CIN: L40106GJ2010PLC091880
રજી. ઓફીસ : સર્વે નં. ૫૪/બી, પ્રતાપનગર, જરોદ - સાવલી રોડ, સમલાયા, વડોદરા – ૩૯૧૫૨૦ (ગુજરાત)
ટેલી: ૯૧ ૨૬૬૭ ૨૫૧૫૬૬ ઈમેઈલ: cs@sepower.in વેબસાઈટ: www.sepower.in

**સભ્યોને પોસ્ટલ બેલેટની સૂચના**

સભ્યોને આથી જાણ કરવાની કે (i) કાયદાની કલમ ૧૦૮, ૧૧૦ અને અન્ય લાગુ જોગવાઈઓ તેમજ કંપનીઝ (મેનેજમેંટ એન્ડ એડ્મિનિસ્ટ્રેશન) નિયમો (સુધારાયેલા) ના નિયમ ૨૦ અને ૨૨ સાથે વાંચતા (ii) ઇન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇંડિયા દ્વારા વખતોવખત જારી સેક્રેટરિયલ સ્ટાન્ડર્ડ્સ ૨ ની જોગવાઇ અનુસાર (iii) જનરલ સર્ક્યુલર નંબર ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૨૨/૨૦૨૦, ૩૩/૨૦૨૦, ૩૯/૨૦૨૦, ૧૦/૨૦૨૧, ૨૦/૨૦૨૧, ૩/૨૦૨૨ અને ૧૧/૨૦૨૨ અનુક્રમે તારીખ ૮ એપ્રિલ ૨૦૨૦, ૧૩ એપ્રિલ ૨૦૨૦, ૫ મે ૨૦૨૦, ૧૫ જૂન ૨૦૨૦, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૦, ૩૧ ડિસેમ્બર ૨૦૨૦, ૨૩ જૂન ૨૦૨૧, ૮ ડિસેમ્બર ૨૦૨૧, ૫ મે ૨૦૨૨ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ (iv) સેબી ના (લિસ્ટિંગ ઑબ્લીગેશન અને ડિસ્ક્લોઝર રિક્વાયરમેંટ) રેગ્યુલેશન્સ ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ અને ૪૭ ના અનુપાલનમા ૧) શ્રી સચિન અગ્રવાલ ને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે પુનઃ નિયુક્ત કરવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા. ૨) શ્રી સંજીતકુમાર ગૌરીશંકર રથ ને કંપનીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર તરીકે પુનઃ નિયુક્ત કરવા અને તેમનું મહેનતાણું નક્કી કરવા માટે ઇલેક્ટ્રોનિક માધ્યમ (ઈ-વોટિંગ) દ્વારા મતદાન માટે પોસ્ટલ બેલેટ નોટિસ મોકલાઇ છે.

કંપનીના તમામ સભ્યો કે જેમને કંપની રજિસ્ટ્રાર અને શેર ટ્રાન્સફર એજન્ટ (આરટીએ)/ડિપોઝિટરી સહભાગીઓ પાસે પોતાના ઈમેલ એડ્રેસની નોંધણી કરાવી છે અને ૩૧ માર્ચ, ૨૦૨૩ ની કટ ઓફ તારીખ મુજબ મત આપવાના અધિકારી છે તે નોટિસમાં દર્શાવેલ ઠરાવો (તેમના સ્પષ્ટીકરણ નિવેદન સાથે) તેમની સમંતી માટે કંપનીએ ૪ એપ્રિલ ૨૦૨૩ ના રોજ ઉપરોક્ત પોસ્ટલ બેલેટ નોટિસની રવાનગી પૂર્ણ કરી છે.

વિનંતી છે કે, આ નોટિસ ને આ વિષય ઉપર અન્ય સંદેશ નથી પ્રાપ્ત કર્યો અને મતદાનમાં ભાગ લેવાનો ઈરાદો ધરાવે છે તેવા તમામ સભ્યો સુધી પહોંચવાનો અમારો પ્રયાસ ગણશો.

સુચિત પોસ્ટલ બેલેટ ઈ-વોટિંગમાં વર્તમાન કોવિડ-૧૯ ને ધ્યાનમાં રાખીને અને તે સંદર્ભમાં MCA દ્વારા આપવામાં આવેલ છૂટછાટ અનુસાર પોસ્ટલ બેલેટ નોટિસની હાર્ડકોપી, પોસ્ટલ બેલેટ ફોર્મની સાથે સભ્યોને પ્રિપેઇડ એન્વેલોપ મોકલવામાં આવ્યા નથી.

કૃપાકરીને નોંધશો કે

1. જે શેરધારકોને ઈમેલ એડ્રેસના ફેરફાર કંપની/આરટીએ/ડિપોઝિટરી સહભાગીઓ પાસે નોંધણીના અભાવે નોટિસ મળી નથી, તેઓ cs@acpower.in પર શેર સર્ટિફિકેટ/ક્લાયન્ટ માસ્ટરની સ્કેન કોપી સાથે ઈમેલ મોકલીને નોટિસ માટે વિનંતી કરી શકે છે. આવી વિનંતીની પ્રાપ્તિ ઉપર આ પોસ્ટલ બેલેટના ઈ-વોટિંગ માટે શેરધારકોને નોટિસની સોફ્ટ કોપી અને ઈ-વોટિંગની પ્રક્રિયા, યુઝર આઇડી અને પાસવર્ડ સાથે મોકલવામાં આવશે. એ સ્પષ્ટતા કરવાની કે ડિમેટ પ્રકારના શેરધારકોએ તેમના ઈમેલ એડ્રેસ ની નોંધણી/નવીકરણ માટે તેમના ડિપોઝિટરી સહભાગીઓનો સંપર્ક કરવો. જે શેરધારકો ભૌતિક સ્વરૂપમાં શેર ધરાવે છે તેઓને વિનંતી કે આરટીએને યોગ્ય રીતે એક્ઝિક્યુટ કરેલું ફોર્મ રજૂ કરે. જે શેરધારકો ઈમેલ નોંધણી/નવીનીકરણ ફોર્મ મેળવવા ઇચ્છતા હોય તેઓ "ramap@alankit.com" ને ઈમેલ કરી શકે છે. જે શેરધારકોએ પોતાના ઈમેલ એડ્રેસ કંપની/આરટીએ/ડિપોઝિટરી સહભાગીઓ પાસે નોંધાવેલા છે તેમને વિનંતી કે તેમના ઈમેલ એડ્રેસ વેલિડેટેડ રાખે જેથી તેમને નોટિસ/ડૉક્યુમેન્ટ્સ/વાર્ષિક અહેવાલ ઇલેક્ટ્રોનિક માધ્યમથી મોકલી શકાય.
2. કંપનીએ તેના તમામ સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવાના હેતુથી નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ને સેવાઓ માટે રોકી છે. સભ્યોને એ નોંધવા વિનંતી કરવામાં આવે છે કે ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાન બુધવાર, 5 એપ્રિલ, 2023 ના રોજ સવારના ૦૯:૦૦ કલાક (09:00 A.M. IST) થી શરૂ થશે અને ગુરુવાર, ૪ મે, ૨૦૨૩ ના રોજ સાંજના ૫:૦૦ કલાકે (5:00 P.M. IST) સમાપ્ત થશે.
3. જે સભ્યોના નામ સભ્યોના રજિસ્ટર/ બેનિફિશ્યિલ ઓનર્સ (લાભકારી માલિકો)ની યાદીમાં કટ-ઓફ તારીખ એટલે કે 31 માર્ચ, 2023ના રોજ નોંધાયેલ હશે, ફક્ત તેઓ જ પોસ્ટલ બેલેટ/ ઈ-વોટિંગ દ્વારા મત આપવા માટે લાયક (હક્કદાર) હશે.
4. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મેસર્સ શુભમ અરોરા એન્ડ એસોસિએટ્સના પ્રોપ્રાઈટર, સી.એસ. શુભમ અરોરા, કંપની સેક્રેટરીઝ ની રિમોટ ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે સ્ક્રૂટિનાઈઝર તરીકે નિમણૂક કરી છે. સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ નોંધ લે કે ઈ-વોટિંગ પ્લેટફોર્મ 4 મે, 2023 ના રોજ સાંજે 5:00 વાગ્યા પછી સભ્યો માટે ઉપલબ્ધ રહેશે નહીં.
5. પોસ્ટલ બેલેટ નોટિસ સાથે સ્પષ્ટતાત્મક નિવેદન અને અન્ય જોડાણ કંપનીની વેબસાઇટ એટલે કે www.sepower.in અથવા NSDLની વેબસાઇટ એટલે કે www.evoting.nsdl.com અથવા BSE લિમિટેડ (BSE) ની વેબસાઇટ પરથી અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE) પરથી ડાઉનલોડ કરી શકાશે, કે જ્યાં કંપનીના ઇક્વિટી શેર સૂચિબદ્ધ છે.
6. પોસ્ટલ બેલેટના પરિણામો મતદાનના સમાપનના 48 કલાકની અંદર કંપની ની રજિસ્ટર્ડ ઓફિસમાં જાહેર/ ઘોષિત કરવામાં આવશે અને તેની જાણ BSE અને NSE ને કરવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.sepower.in પર પણ મૂકવામાં આવશે અને NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com પર સ્ક્રૂટિનાઇઝરના રિપોર્ટ સાથે મૂકવામાં આવશે.
7. કોઈપણ પ્રશ્નોના કિસ્સામાં, તમે www.evoting.nsdl.com ના ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ શેરધારકો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) અને શેરધારકો માટે ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો અથવા ટોલ ફ્રી નંબર: 022 -48867000 અને 022-24997000 પર કૉલ કરી શકો છો અથવા evoting@nsdl.co.in પર આસિસ્ટન્ટ મેનેજર, કુ. પ્રાજક્તા પવલેને વિનંતી મોકલે. સભ્યો કંપનીના કંપની સેક્રેટરીને પણ ઈ-મેલ આઈડી - cs@sepower.in પર લખી શકે છે.

બોર્ડ ઓફ ડાયરેક્ટર્સના હુકમથી
એસ. ઈ. પાવર લિમિટેડ વતી
સહી/-
**સૌરભ અગ્રવાલ**
(કંપની સેક્રેટરી)

તારીખ: ૦૪.૦૪.૨૦૨૩